
હાથિઓ માટે અનુરાગ

એક ક્ષેત્રીય વૈજ્ઞાનિક નું રોમાંચક જીવન



એક ઘોડા ની ઊંચી પીઠ ની કલ્પના કરો જેની ઉપર થી તમે જોઈ ન શકો.

હવે તમે એક નાની છોકરી ની કલ્પના કરો, જે ફક્ત સાત વર્ષ ની છે, જે પેલા ઊંચા ઘોડા પર સવાર છે, અને એ જમીન થી બહુ ઊંચાઈ પર છે. એ નાની છોકરી હતી - સિન્થિયા જેન મોસ.

એ ડરતી નહોતી.

સિન્થિયા મોસ ને મોટી ચીજો થી ડર લાગતો નહોતો.




સિન્થિયા બાર વર્ષ ની થઈ, ત્યાં સુધી માં એ એના પોતાના ઘોડા કેલી ઉપર સવાર થઈ ને ઓસ્સીનીન્ગ, ન્યૂ યોર્ક માં એના ઘર પાસે એને પૂરપાટ દોડાવતી હતી.


સિન્થિયા અને કેલીએ હરણ અને શિયાળ ને જોયા. સિન્થિયા નો જંગલ પ્રત્યે પ્રેમ વધ્યો અને એને પ્રકૃતિ ના દરેક જીવ સાથે પ્રેમ થયો.



સોળ વર્ષ ની ઉમરે સિન્થિયા ઘર થી દૂર એની પહેલી એકલ સાહસિક યાત્રા પર નીકળી.

વર્જીનિઆ ની એક સ્કૂલ પ્રતિયોગિતા માં ભાગ લેવા એણે ચારસો માઈલ થી વધારે દક્ષિણ તરફ પ્રવાસ કર્યો. એમાં ભાગ લેવાવાળા બધા ને ઘોડેસવારી માટે એના જેટલો જ પ્રેમ હતો.






પછી, જયારે સિન્થિયા એ કોલેજ નું ભણતર પૂરું કર્યું તો એને એ ખબર ન હતી કે જલ્દી એ એનું સૌથી સાહસિક કાર્ય શરુ કરશે - અને વૈજ્ઞાનિક પણ બનશે!

જયારે સિન્થિયા એક પત્રિકા માં પત્રકાર નું કામ કરી રહી હતી, ત્યારે એની કોલેજ ની એક મિત્ર પેની એ એને આફ્રિકા થી પત્ર લખ્યા. આફ્રિકા, પૃથ્વી પર નો બીજો સૌથી મોટો ખંડ હતો.

પેની ના પત્રો વાંચ્યા પછી સિન્થિયા ને આફ્રિકા જોવાની લાલસા જાગી.

ઘણા લોકો એકલા આફ્રિકા જવા થી ડરતા હશે.

પણ સિન્થિયા મોસ એ મોટા મહાદ્વીપ થી બિલકુલ ડરી નહીં.



ત્યાં પહોંચ્યા પછી સિન્થિયા ને આફ્રિકા થી પ્રેમ થઈ ગયો.

"આફ્રિકા પહોંચ્યા ના એક સપ્તાહ ની અંદર," એણે કહ્યું, "મને એ સમજાઈ ગયું કે હવે હું મારે ઘરે આવી છું."

સિન્થિયા, પૂર્વી આફ્રિકા ના વ્યાપક ખુલા મેદાનો માં પોતાનું બાકી જીવન વિતાવવા માંગતી હતી.


પણ પહેલા એને એક નોકરી ની આવશ્યકતા હતી. સૌભાગ્ય થી, સિન્થિયા ની મુલાકાત આફ્રિકી હાથીઓ નું અધ્યયન કરવાવાળા એક પ્રાણીવૈજ્ઞાનિક સાથે થઈ. એણે સિન્થિયા ને આફ્રિકી હાથીઓ ના ફોટા પાડવા આમંત્રિત કરી. આફ્રિકી હાથી, જમીન ઉપર જોવામાં આવતા સૌથી વિશાળ જીવ હોય છે.


કલ્પના કરો કે તમારી પાસે એક કેમેરા છે અને તમે એક વિશાળ ઉપવન માં છો જે હાથીઓ થી ભરેલો છે. હરેક બાજુ થી એની નાની ભૂરી આંખો, કરચલીવાળી રાખોડી ખાલ, એની લાંબી, મજબૂત, લચીલી સૂંઢ, અને એના નરમ ગાદીવાળા પગ તમને દેખાય છે.

પણ સિન્થિયા એ હાથીઓ ના કાન ની બાહરી કિનારી પરની નસો, કાપા, છિદ્ર અને ચીરાઓ નું અધ્યયન કર્યું.

એણે હાથીઓ ના લાંબા હાથીદાંતો ને સૂક્ષ્મતા થી જોયા - ઘુમાવદાર, સીધા, તૂટેલા, અને ગાયબ પણ.

સિન્થિયા એ હાથીઓ ને અલગ-અલગ રીતે ઓળખવાનું શીખ્યું.





જલ્દી, સિન્થિયા ને એ વિશાળ, કોમળ જાનવરો થી પ્રેમ થઈ ગયો. એને હાથીઓ ના જંગલો અને એમના ધૂળ ભરેલા ઘરો થી પણ પ્રેમ થઈ ગયો.

"એ એટલા પ્રભાવશાળી, નોંધનીય, અને જટિલ પ્રાણી છે," એણે કહ્યું, "કે હું એના અધ્યયન પાછળ મારુ જીવન સમર્પિત કરી દઈશ."

એટલે સિન્થિયા એ એમ્બોસેલી એલિફન્ટ રિસર્ચ પ્રોજેક્ટ શરુ કર્યો.

સિન્થિયા ને ત્યારે ખબર ન હતી કે એ કામ એના જીવન નું ધ્યેય બની જશે.

એ ફક્ત એટલું જાણતી હતી કે એ હાથીઓ વિષે હજી વધારે શીખવા માંગતી હતી.

એ જાણવા ચાહતી હતી કે હાથીઓ

પરિવાર માં કેવી રીતે રહે છે. જયારે ખૂબ

વરસાદ પડતો હતો અને ઘાંસ ફ્રણું હતું

ત્યારે એમના પરિવાર મોટા-મોટા સમૂહ


બની જતા.


જયારે વરસાદ ઓછો પડતો હતો

અને દુકાળ ની પરિસ્થિતિ થતી ત્યારે

આ સમૂહ એક-બીજા ને જીવિત રહેવા

માં કેવી રીતે સહાયતા કરતા હતા?





પહેલા ની જેમજ સિન્થિયા એ એના ફોટા લેવાનું શરુ કર્યું.

સિન્થિયા એ કહ્યું, "હું એ ફોટા ઘરે લાવતી હતી અને એને એક બૃહદ્દર્શક કાચ (મેગ્નિફાયિંગ કાચ) થી બહુ બારીકાઇ થી જોતી હતી ... અને પછી બધા હાથીઓ ને કાન ના આધાર પર વર્ગીકરણ કરવાની કોશિશ કરતી હતી."

એણે હાથી ના પારિવારિક સભ્યો ને માનવીય નામ પણ આપ્યા. એક પરિવાર ના બધા સદસ્યો ના નામ ના પહેલા અક્ષર સમાન હતા :

એડમ, અગાથા, આલ્બર્ટ, એલિસ, એમી, એનાબેલ અને ...

મસા કાન, કેમકે ક્યારેક જે પહેલું નામ એને સૂઝતું એ રાખતી.


આખરે, એણે જાણ્યું કે સમૂહ માં કોણ માતા-પિતા છે, કોણ ભાઈ-બહેન છે, કોણ કાકી-દાદી છે વગેરે.

આ એક બહુ મોટું કામ હતું, પણ સિન્થિયા મોસ ને મોટા કામો થી ડર નહોતો લાગતો.

આ દરમ્યાન, સિન્થિયા એ એમ્બોસેલી નેશનલ પાર્ક માં એક સ્થાયી શિબિર બનાવી.

એના તંબુ ના છાપરા માં થી આફ્રિકા ના સૌથી ઊંચા પર્વત માઉન્ટ કિલીમાંજારો ની બરફ થી ઢંકાયેલી ટોચ દેખાતી હતી.





સિન્થિયા એની લેન્ડ રોવર માં રોજ પાર્ક માં ફરતી હતી અને હાથીઓ ના બચ્ચાઓ ને એમની સૂંઢ થી માટી માં રમતા અને ચિચિયારી કરતા જોતી હતી.

ત્યારે હાથણી એના બચ્ચાઓ ની રખેવાળી કરતી હતી - ભૂખ્યા સિંહ અને રંગીન પટ્ટાવાળા ઝરખ થી.

અને જયારે જુદા પડેલા હાથી એક-બીજા ને ફરી મળતા, ત્યારે તેઓ એક-બીજા ના શરીર ને સહેલાવતા, પોતાની સૂંઢ ને એક-બીજા સાથે લપેટતા, કાન ફફડાવતા, અને પોતાના હાથીદાંતો થી ટકટક અવાજ કરતા, અને પછી મોટે થી ચિચિયારી કરી ને એક-બીજા નું અભિવાદન કરતા.

સિન્થિયા એ વૃદ્ધ નાની અને દાદી હાથણીઓ પણ જોઈ, જેને દુષ્કાળ ના સમય માં પણ આહાર અને પાણી માટે ના સર્વોત્તમ સ્થાન યાદ હતા.

સિન્થિયા એની વિશેષ મનપસંદ હાથણી "ઈકો" ને જોતી અને એની પાસેથી શીખતી હતી. ઇકો ના લાંબા વણાંકવાળા દાંત હતા.

કલ્પના કરો જયારે એ સુંદર માતૃપ્રધાન સમાજવ્યવસ્થા ની હાથણી ધીરે-ધીરે સિન્થિયા ની લેન્ડ રોવર તરફ આવી અને એની સૂંઢ થી એને અડી શકે એ અંતરે ઉભી રહી ને એને એકટક જોવા લાગી, જાણે નમસ્તે કરી રહી હોય.

સિન્થિયા એ ધીરે-ધીરે હાથી પરિવાર ના વ્યવહાર વિષે એવી વાતો શીખી જેના વિષે બીજું કોઈ જાણતું નહોતું.

સિન્થિયા એ કહ્યું, "હાથી એ બધું કરે છે જેની અપેક્ષા આપણે આપણા સૌથી સારા મિત્ર પાસે કરીયે છીએ."

"એ એક-બીજા નો બચાવ કરે છે, એ એક-બીજા નો ખ્યાલ રાખે છે, અને તેઓ એક-બીજા નો સહયોગ કરે છે."



પણ બધા લોકો હાથીઓ ને સિન્થિયા જેટલો પ્રેમ નહોતા કરતા.

ફક્ત દસ વર્ષ માં આફ્રિકા ના અડધા હાથી માર્યા ગયા હતા.

એ વર્ષો માં દર દસ મિનિટે, દુનિયા માં કમ-સે-કમ એક હાથી નું મૌત થયું હતું.

કલ્પના કરો એક વિશાળ નર હાથી ની, જે આફ્રિકા ના સવાના મેદાન માં ટહેલતા, ઘાસ અને નાની ઝાડીઓ ને પોતાના વણાંક લેતા દાંતો થી ઉખાડે છે અને વિશાળ વાદળી આકાશ નીચે ચુપચાપ એને વાગોળે છે.

હવે કલ્પના કરો કે બીજે જ દિવસે એ હાથી પ્રખર સૂર્ય તાપ માં મરેલો પડયો છે, એના સુંદર હાથીદાંત ગાયબ છે, જેના ઉપયોગ થી પિયાનો ની ચાવીઓ, નકશીકામ અથવા ઘરેણાં બને છે.

જયારે સૌથી જુના નર અને માદા હાથીઓ ના મૂલ્યવાન દંતશૂળ ગાયબ થઈ ગયા, ત્યારે સિન્થિયા ને એ હાથીઓ ના પરિવારો ની ચિંતા થઈ.

હવે પિતા હાથી કોણ બનશે?

હાથીઓ ના બચ્ચાઓ ની રક્ષા કોણ કરશે?

આહાર અને પાણી શોધવા માટે પરિવારો ને કોણ ગુપ્ત સ્થાન બતાવશે?



સિન્થિયા એ હાથીદાંત વિષે બોલવાનું શરુ કર્યું.


એણે કહ્યું કે હાથીદાંત એક સુંદર પદાર્થ છે જે નકશીકામ કર્યા પછી બહુ સારી રીતે ચમકે છે.

પણ લોકો એ ભૂલી જાય છે કે એ ક્યારેક એક જીવિત હાથી નો દાંત હતો.


લાલચી શિકારી હાથી ને એના દાંત માટે મારે છે.

પછી સિન્થિયા હાથીદાંત ને વેચવાનું ગેરકાનૂની ઘોષિત કરવા ની વિશ્વ લડાઈ માં શામિલ થઈ.

આ એક બહુ મોટો પડકાર હતો, પણ સિન્થિયા મોસ મોટા પડકારો થી ડરતી ન હતી.



જાન્યુંવારી 1990 માં, હાથીદાંત ના વેચાણ ઉપર વૈશ્વિક પ્રતિબંધ લગાવાયો. પણ બધા દેશ આ પ્રતિબંધ થી સહમત નહોતા, અને એટલે હાથીદાંત ની લડાઈ સમાપ્ત ન થઈ. ઘણા લોકો હજી હાથીદાંત ને એટલો ચાહતા હતા, કે તેઓ એને માટે એક શાંત આફ્રિકી વિશાળ હાથી ને મારી દેતા હતા. સિન્થિયા એ એની સામે હંમેશા એનો અવાજ ઉઠાવ્યો.



સિન્થિયા મોસે એમ્બોસેલી એલિફન્ટ રિસર્ચ પ્રોજેક્ટ શરુ કર્યે હવે ચાલીસ વર્ષો થી વધુ વીતી ગયા છે.

સિન્થિયા, જે ઘોડા ઉપર સવાર કરવા વાળી એક નાની છોકરી હતી, એણે ક્યારેય સ્વપ્ન માં પણ વિચાર્યું નહોતું કે એમ્બોસેલી ના હાથી એની જિંદગી નો એક અહમ હિસ્સો બનશે.

સિન્થિયા એ બે હજાર પાંચ સો થી વધુ હાથી ઓ નું અધ્યયન કર્યું છે.

એણે હાથીઓ ના જન્મ અને મરણ જોયા છે. એટલે સુધી કે 2009 માં એણે એની પ્યારી "ઇકો" નું મરણ પણ જોયું છે.

હવે સિન્થિયા ઘણી વાર વ્યાખ્યાન આપવા અને

ફાળો ભેગો કરવા યાત્રા કરે છે. પણ સિન્થિયા એ ક્યારેય હાથીઓ નું અધ્યયન કરવાનું બંધ નથી કર્યું. એ દુનિયા ભર માં ભાષણો, ફિલ્મો, બાળકો અને વયસ્કો ના પુસ્તકો દ્વારા હાથોઓ ની સ્થિતિ ને ઉજાગર કરે છે. સિન્થિયા એ પોતાનું જીવન સમર્પિત કર્યું છે અત્યાર સુધી કરવામાં આવેલા જંગલી હાથીઓ ના સૌથી લાંબા અધ્યયન માટે, ઇકો અને ઇકો ના બચ્ચાઓ વિષે બધું જાણવાની કોશિશ માટે, અને હવે પછી આવનારા એમ્બોસેલી ના હાથીઓ માટે.

આ બહુ મોટું કામ છે.

પણ સિન્થિયા મોસ મોટા કામો થી ડરતી નથી.



સિન્થિયા મોસ નો જન્મ 1940 માં થયો હતો, અને એમણે પાછલા ચાલીસ વર્ષ એમ્બોસેલી નેશનલ પાર્ક માં હાથીઓ સાથે રહેવામાં અને એના અધ્યયન માં વિતાવ્યા છે.

વર્જિનિયા માં દક્ષિણ સેમિનરી થી સ્નાતક થયા બાદ એણે સ્મિથ કોલેજ માં દર્શનશાસ્ત્ર નો અભ્યાસ કર્યો. 1962 માં કોલેજ ની ડિગ્રી ના બે વર્ષ પછી, સિન્થિયા એ એક પત્રકાર અને સંશોધક તરીકે ન્યૂઝવીક પત્રિકા માં કામ કર્યું. ત્યારે એની કોલેજ ની મિત્ર પેની નેયલોર એને આફ્રિકા થી લાંબા, વર્ણનાત્મક પત્ર લખતી. 1967 માં સિન્થિયા એ આફ્રિકા જવાનું વિચાર્યું. પછી એને આફ્રિકા અને ત્યાંના હાથીઓ - બંને સાથે પ્રેમ થયો. સિન્થિયા ના માતા-પિતા નું નિધન થઈ ગયું હતું, અને એની નાની બહેન કેરોલીન સિવાય પરિવાર માં બીજું કોઈ નહોતું. એટલે એ અમેરિકા છોડી ને આફ્રિકા જતી રહી.

જયારે સિન્થિયા પહેલી વાર આફ્રિકા ગઈ ત્યારે સૌભાગ્ય થી એની મુલાકાત સ્કોટિશ પ્રાણીવિજ્ઞાની ઇયાન ડગ્લાસ-હેમિલ્ટન સાથે થઈ. તેઓ ઉત્તરી તાન્ઝાનિયા ના લેક માન્યારા નેશનલ પાર્ક માં હાથીઓ ના સામાજિક વ્યવહાર વિષે અધ્યયન કરી રહ્યા હતા. વ્યક્તિગત હાથીઓ ને ઓળખવા માટે એમને પાર્ક માં રહેલા ચારસો હાથીઓ ના ફોટા ની જરૂર હતી. એમણે એ કાર્ય સિન્થિયા ને સોંપ્યું. કામ પૂરું થયા બાદ સિન્થિયા ને પોતાનો સંશોધન પ્રોજેક્ટ શરુ કરવાનું મન થયું, જે સપ્ટેમ્બર 1972 એ સહ-સંશોધક હાર્વે ક્રોઝ સાથે કરી શકી. સાથે, એણે અમ્બોસેલી રાષ્ટ્રીય ઉદ્યાન માં અમ્બોસેલી હાથી અનુસંધાન પરિયોજના ની સ્થાપના કરી, જે દક્ષિણ કેન્યા માં સંરક્ષિત ભૂમિ ના 150 વર્ગ માઈલ માં ફેલાયેલી છે. જયારે 1974 માં ક્રોઝ ચાલ્યા ગયા, ત્યારે સિન્થિયા ત્યાંજ રોકાણી અને ત્યારથી હાથીઓ સાથે જ છે.

હાથીઓ વિષે વધારે જાણવા માટેનું સિન્થિયા નું ઝનૂન ક્યારેય ઓછું ન થયું. એ એમના પ્રતિ ધૈર્યવાન અને નિષ્ઠાવાન રહી. પરિણામસ્વરૂપે, એ હાથીઓ વિષે ઘણું વધારે જાણી શકી છે. એ હાથીઓ વચ્ચે ના પારિવારિક સંબંધો ના સવાલો વિષે નવા જવાબો શોધે છે. એ એના હાથીઓ વિષે બહુ પ્રેમ થી બોલે છે, પછી ભલે એ એમ્બોસેલી માં એની શિબિર માં ઇન્ટરવ્યૂ હોય કે દુનિયા ના કોઈ મોટા દાતા સાથે વાત કરી રહી હોય. પાછલા ચાર દસકા થી એમનું જીવન હાથીઓ ના જીવન સાથે નજીક થી જોડાયેલું છે.

અન્ય સંશોધકો પણ આફ્રિકી હાથીઓ ના અધ્યયન માં સક્રિય રહ્યા છે. દુનિયા ના સૌથી મહાન હાથી સંશોધકો માં થી એક એ વ્યક્તિ છે જેણે પહેલી વાર સિન્થિયા નો હાથી સાથે પરિચય કરાવ્યો હતો - ડો. ઇયાન ડગ્લાસ-હેમિલ્ટન. એમની મુખ્ય શોધ રુચિ હાથીઓ ના ભ્રમણ થી એમની પસંદ ને સમજવાની છે. 1989 માં એમણે વિશ્વ હાથીદાંત વેપાર પ્રતિબંધ લાવવામાં મદદ કરી અને અનુસંધાન, સંરક્ષણ, અધ્યયન અને સંચાર ના માધ્યમ થી આફ્રિકી હાથીઓ નું ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે 1993 માં હાથી બચાવો (www.savetheelephants.org) ની સ્થાપના કરી.

આફ્રિકા ના હાથી હવે ગંભીર સંકટ માં છે. જેટલું વધારે આ સંશોધકો એમના વિષે શીખશે અને લોકો ને એ માહિતી માં સહભાગી કરશે, એટલું દુનિયા ના લોકો સિન્થિયા મોસ ના પ્રિય હાથીઓ ને સમજશે અને એમને પ્રેમ કરશે.

